# ગ્રામ કક્ષાએ સ્વામિ વિવેકાનંદ યુવક મંડળ ઉપરાંત જિલ્લા તાલુકા કક્ષાએ યુવા શકિત કેન્દ્રો સ્થાપવામાં આવશે

ગાંધીનગર, તા.૨

રાજયના ગ્રામ કક્ષાએ સ્વામી વિવેકાનંદ યુવક મંડળ અને તાલુકા જિલ્લા કક્ષાએ સ્વામિ વિવેકાનંદ યુવા શકિત કેન્દ્રો રચવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતી ઉજવણીમાં સમાજના વિવિધ વર્ગોને સામેલ કરી સ્વામી વિવેકાનંદની જીવની સંદેશો અને ફીલોસોફીમાંથી યુવાનો પ્રેરણા લઈ વ્યકિત ઘડતર અને રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી બની શકે તેવા શુભ આશયથી સ્વામિ વિવેકાનંદ યુવા કેન્દ્રો દ્વારા ગ્રામીણ યુવાન સુધી પહોંચી સંગઠાત્મક વ્યવસ્થા વિચારી સ્વામી વિવેકાનંદના વિચારો ગામડે ગામડે કાર્યાન્વીત કરવાનો નિર્ણય રાજય સરકારે કર્યો છે.

પ્રત્યેક ગામમાં ગ્રામ્યકક્ષાનું ફકત એક જ સ્વામી વિવેકાનંદ યુવા મંડળની રચના કરવાની રહેશે જયારે નગરપાલિકા તાલુકા અને જિલ્લા કક્ષાએ પણ એક જ સ્વામી વિવેકાનંદ યુવા શકિત કેન્દ્રોની રચના કરવાની રહેશે. ગ્રામ્ય કક્ષાના કેન્દ્રમાં ૧૨૫ સભ્યો તાલુકા કક્ષાના કેન્દ્રોમાં ૧૫૦ સભ્યો તથા જિલ્લા અને નગરપાલિકા કક્ષાએ ૨૫૦ સભ્યો હોવા જોઈએ. સામાન્ય સભા બોલાવી કારોબારી રચના કરવાની રહેશે. જેમાં મહિલા અનુસુચિત જનજાતિ અનુસૂચિત જાતિ બક્ષીપંચના સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે.

સભ્યોની વયમર્યાદા ૧૫ થી ૩૫ વર્ષની હોવી જોઈએ આ કેન્દ્ર મંડળમાં વિદ્યાર્થી કે બિન વિદ્યાર્થી પણ સભ્ય થઈ શકશે

સ્વામિ વિવેકાનંદ યુવા શકિત કેન્દ્રની નોંધણી કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગુજરાત રાજય પાસે કરાવવી ફરજીયાત રહેશે. સ્વામિ વિવેકાનંદ યુવક મંડળ સ્વામિ વિવેકાનંદ યુવા શકિત કેન્દ્રની વાર્ષિક સભ્ય ફી રૂ. ૫૦ લઈ શકાશે.

સ્વામિ વિવેકાનંદ યુવક મંડળ સ્વામિ વિવેકાનંદ યુવા શકિત કેન્દ્ર પોતાની આર્થિક સધ્ધરતા માટે ગ્રામ્યજનો તથા અન્ય સંસ્થાઓ પાસેથી ભેટ સોગાદ દાન મેળવી શકશે અને તેનો હિસાબ અલગ રાખવાનો રહેશે.

રાજય સરકાર તરફથી ગ્રામ્ય કક્ષાના સ્વામી વિવેકાનંદ યુવા મંડળને રૂ. ૫૦૦૦ તાલુકા વોર્ડ કક્ષાના કેન્દ્રને રૂ. ૨૫૦૦૦ નગરપાલિકા કક્ષાએ રૂ. ૩૫૦૦૦ તથા જિલ્લા મહાનગરપાલિકા કેન્દ્રને રૂ. ૪૫૦૦ ભંડોળ તરીકે ફાળવવામાં આવશે. તેનો વપરાશ સ્વામી વિવેકાનંદ યુવક મંડળ સ્વામી વિવેકાનંદ યુવા શકિત કેન્દ્રના સંચાલન તથા પ્રવૃત્તિઓના આયોજન માટે કરવાનો રહેશે.

સ્વામિ વિવેકાનંદ યુવક મંડળ સ્વામિ વિવેકાનંદ યુવા શકિત કેન્દ્રમાં એક વર્ષે પુરુષ અને બીજા વર્ષે મહિલાએ પ્રમુખ તરીકેનો હોદ્દો ક્રમાનુસાર સંભાળવાનો રહેશે.

# યુવાપેઢીને કૉમ્પ્યુટર ટેકનોલોજીથી તાલીમબદ્ધ કરવા માટે એમ્પાવર પ્રોજેક્ટનો આરંભ



ગાંધીનગર, તા. ૨

ગુજરાતની યુવાપેઢીને કોમ્પ્યુટર ટેકનોલોજીથી તાલીમબધ્ધ કરવા ગુજરાત સરકારે એમ્પાવર એટલે કે, ઈલેકટ્રોનિક મેનપાવર પ્રોજેકટ તૈયાર કર્યો છે. આ પ્રોજેકટનો શુભારંભ રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૪ જુલાઈ, ૨૦૧૨ને બુધવારે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતેથી કરશે. આ પ્રસંગે રાજયના નાણા અને શ્રમ-રોજગાર તેમજ વાહન-વ્યવહાર મંત્રી શ્રી વજુભાઈ વાળા, શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરા, શ્રમ અને રોજગાર વિભાગના રાજયમંત્રી શ્રી લીલાધરભાઈ વાઘેલા, શિક્ષણ રાજયમંત્રી શ્રી જયસિંહ ચૌહાણ તેમજ ઉચ્ચ શિક્ષણ રાજયમંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેશે.

આ પ્રોજેકટ અંતર્ગત યુવાઓને કોમ્પ્યુટરની પ્રાથમિક તાલીમ આપવામાં આવશે. જેમાં કોમ્પ્યુટર વિશેની પ્રાથમિક જાણકારી માટે બેઝિક કોમ્પ્યુટર કોર્ષ દ્વારા ધોરણ ૫ પાસ હોય અને ૧૪ વર્ષથી વધારે ઉંમરના યુવાનો તાલીમબધ્ધ થઈ શકશે. આ તાલીમ માઈક્રોસોફટ દ્વારા તાલીમબધ્ધ પ્રશિક્ષણ દ્વારા આપવામાં આવશે. તેમજ માઈક્રોસોફટ-જીસીવીટી પ્રમાણપત્ર આપવામાં આવશે. આ તાલીમની સૌથી વિશેષ બાબત એ છે કે, તાલીમાર્થી ઉમેદવાર પોતાની અનુકૂળતા મુજબ એટલે કે, રજાના દિવસે, આખો દિવસ, અડધો દિવસ, સવાર કે સાંજ હોય કોઈપણ સમયની પસંદગી કરી શકે છે. માત્ર ૫૦ રૂપિયાની ટોકન ફી દવારા આ કોર્સ દ્વારા યુવાનોએ કોમ્પ્યુટર જ્ઞાનથી તાલીમબધ્ધ કરાશે. જો કે અનુસૂચિત જાતિ, જનજાતિ, બી.પી.એલ., મહિલા અને વિકલાંગને ફિમાંથી મુક્તિ આપવામાં આવી છે. તેમ શ્રમ અને રોજગાર વિભાગના અગ્રસચિવ શ્રી પી. પનીરવેલ અને રોજગાર નિયામક સોનલ મિશ્રાની યાદીમાં જણાવાયું છે.

## યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

# સ્વામીજીના કેળવણી વિષયક વિચારો-૨



॥ તેરમો મણકો ॥

શિક્ષણ એટલે આપણા મગજમાં ભરવામાં આવેલી, આખી જિંદગી સુધી પચ્યા વિના ત્યાં પડી રહીને તોફાન મચાવનારી માહિતીનો ઢગલો નહિ, આપણે તો જીવન ઘડનારા, મનુષ્ય ઘડનારા, ચારિત્ર્ય ઘડનારા વિચારોનું ગ્રહણ-મનન, જોઈએ છે. જો આપણે આવા પાંચ વિચારોને પચાવ્યા હોય અને તેમને આપણા જીવન અને ચારિત્ર્યમાં ઉતાર્યા હોય તો જે માણસે આખી લાયબ્રેરી ગોખી લીધી હોય તેના કરતાં આપણે વધુ કેળવાયેલા છીએ, શિક્ષિત છીએ. 'ચંદનનો બોજો બોજો ઉપાડીને ચાલનારો ગધેડો કેવળ ભારને જ ઓળખે છે. પણ ચંદનનું મૂલ્ય સમજતો નથી.' જો શિક્ષણ અને માહિતી એક જ વસ્તુ હોય તો પુસ્તકાલયો દુનિયામાં મોટામાં મોટા જ્ઞાનીઓ હોત અને વિશ્વકોષો મહાન ઋષિઓ હોત.

નિષેધક વિચારો માણસને નિર્બળ બનાવે છે. જ્યાં મા-બાપ બાળકોને લખવા-વાંચવા માટે સતત ફરજ પાડે છે તથા 'તમે મૂર્ખ છો, તમને કદીએ કંઈ આવડશે નહીં' વગેરે કહ્યા કરે છે, ત્યાં ઘણા કિસ્સામાં બાળકો ખરેખર તેવા જ બને છે ! જો આપણે બાળકો માટે પ્રેમભરી વાણી વાપરીએ અને તેમને પ્રેરણા આપીએ તો તેઓ સમય જતાં જરૂર સુધરવાનાં. જો લોકોને રચનાત્મક વિચારો આપીએ તો તેઓ સાચા મનુષ્ય બનશે. અને પોતાના પગ ઉપર ઊભા રહેતાં શીખશે.

લોકો જે ભૂલો કરે છે તે બતાવી આપવી એટલું જ માત્ર પૂરતું નથી. પરંતુ, તેઓ આ બધું વધારે સારી રીતે કેવી રીતે કરી શકે તેનો માર્ગ પણ તેમને બતાવવો જોઈએ. સ્વામીજી કહે છે, 'જેને અમે નકામા ગણતા હતા તેવાને પણ શ્રીરામકૃષ્ણ કેવું ઉત્તેજન આપતા અને તેમ કરીને તેમના જીવનની દિશા કેવી રીતે બદલી નાખતા હતા તે અમે જોયું છે !' ઉપદેશ આપવાની પરમહંસ દેવની રીત અનોખી હતી.

જગતને સદા સર્વદા મળ્યા કરતું સમગ્ર જ્ઞાન મનમાંથી જ આવે છે. આપણા મનમાં સમગ્ર વિશ્વનું અનંત પુસ્તકાલય છે. બાહ્ય જગત એ માત્ર સૂચન છે, માત્ર પ્રસંગ છે, જે તમને તમારા મનનો અભ્યાસ કરવા પ્રેરે છે, પણ તમારા અભ્યાસનો વિષય હંમેશા તમારું મન જ હોય છે. સફરજન પડવાથી ન્યૂટનને સૂચન મળ્યું, અને ન્યૂટને પોતાના મનનો અભ્યાસ કર્યો. એણે પોતાના મનમાં વિચારોની સર્વ કડીઓ ફરીવાર ગોઠવી અને એમાંથી એને વિચારની એક નવી કડી મળી. આ નવી કડી એટલે આપણે જેને ગુરુત્વાકર્ષણનો નિયમ કહીએ છીએ તે.

સમગ્ર જ્ઞાન આધ્યાત્મિક કે ભૌતિક, માનવ-મનમાં રહેલું છે. જ્ઞાન, અજ્ઞાનના આવરણથી ઢંકાયેલું રહે છે. પરંતુ, જ્યારે આ આવરણ ધીમે ધીમે દૂર થાય ત્યારે આપણે જ્ઞાન મેળવીએ છીએ તેમ કહેવાય. આવરણ દૂર કરવાની ક્રિયા જેટલી પ્રગતિ સાધે તેટલી જ્ઞાન મેળવવામાં પ્રગતિ થાય. જેનું આ આવરણ દૂર થતું જાય તે વધારે જ્ઞાની. જેનું આ આવરણ ગાઢ થતું જાય તે અજ્ઞાની અને જેનું આ આવરણ સાવ દૂર થયું છે એ પૂર્ણ જ્ઞાની, સર્વજ્ઞ.

બીજા કોઈની પાસેથી જ્ઞાન કદી મેળવી શકાતું નથી. આપણે સૌએ પોતે જ શીખવાનું છે. ગુરુ માત્ર સૂચન કરે છે, એ સૂચન માત્ર આંતરજ્ઞાનને જાગૃત કરે છે, વસ્તુને સમજવાની પ્રેરણા આપે છે. કાષ્ટમાં જેમ અગ્નિ રહે છે તેમ મનમાં જ્ઞાન રહે છે. ઘર્ષણથી અગ્નિ પ્રગટે છે તેમ સૂચનથી જ્ઞાન પ્રગટે છે.

ઘણીબધી હકીકતો એકઠી કરીને મનમાં ભરવી જોઈએ એ કેળવણી નથી. સાધનને સંપૂર્ણ બનાવવું અને પોતાના મનને સંપૂર્ણ કાબૂમાં રાખવું તે કેળવણીનો આદર્શ છે. (અપૂર્ણ)

## એઆઈસીટીઈથી રાજ્યપાલ સુધી ફરિયાદ

# ૩ ફાર્મસી કોલેજો બંધ કરવા માટે જીટીયુની મંજૂરી માંગી

## પ્રાથમિક સુવિધા નહીં હોવાની વિદ્યાર્થીઓની રજૂઆત કમિટી પાંચમી સુધીમાં કોલેજોમાં તપાસ કરી નિર્ણય કરશે

અમદાવાદ, તા. ૨

ગુજરાતની ત્રણ ફાર્મસી કોલેજોએ વિદ્યાર્થીઓ નહીં મળવાને કારણે કોલેજ બંધ કરવા જીટીયુની મંજૂરી માંગી છે. ત્રણ પૈકી એક વુમેન કોલેજ છે. સૂત્રો કહે છે કે આ કોલેજોમાં પ્રાથમિક સુવિધાનો અભાવ હોવાથી વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવતા નથી. કોલેજ સંચાલકો આ વાત ખોટી હોવાનું કહી રહ્યા છે. ગુજરાતમાં એક બાજુ નવી એન્જિનિયરીંગ કોલેજો આવી રહી છે. જ્યારે બીજી બાજુ ફાર્મસી કોલેજો બંધ કરવા અરજીઓ આવી રહી છે. ચાલુ વર્ષે હજી સુધી એક પણ નવી ફાર્મસી કોલેજ આવી નથી અને ત્રણ કોલેજો રાજકોટની કે.એન.વી. બરોડાના વાઘોડીયાની પ્રશાંત મીત્તલકુમાર કંસારા અને વિદ્યાનગરની સરદાર પટેલ ફાર્મસી ઓફ વુમેન કોલેજોના સંચાલકોએ પોતાની કોલેજ બંધ કરવા એઆઈસીટીઈની મંજૂરી માંગી છે. અને જીટીયુને પણ પત્ર લખી દીધો છે. જોકે આ કોલેજો વિરુદ્ધ વિદ્યાર્થીઓએ એઆઈસીટીઈ, શિક્ષણ વિભાગ અને રાજ્યપાલ સમક્ષ લેખિત ફરિયાદ કરી હોવાથી રાજ્યપાલ દ્વારા પણ જીટીયુ પાસે ખુલાસો માંગવામાં આવ્યો છે. આ ત્રણેય કોલેજોમાં અંદાજે ૬૦૦ વિદ્યાર્થીઓ ભણે છે. જીટીયુની એક કમિટી આ ત્રણેય કોલેજોમાં ૫, જુલાઈ સુધીમાં જશે અને વિદ્યાર્થીઓને અન્ય કોલેજમાં પ્રવેશ આપવાની પ્રક્રિયા હાથ ધરશે. જો વિદ્યાર્થીઓની ઈચ્છા નહીં હોય તો હાલ જે તે કોલેજમાં જ પ્રવેશ ચાલુ રખાશે. જીટીયુની કમિટી ત્રણેય કોલેજની મુલાકાત બાદ જ આખરી નિર્ણય કરશે. બીજી બાજુ ફાર્મસી કોલેજોનાં સંચાલકોમાં ચિંતાની લાગણી પ્રસરી ગઈ છે.

# જીટીયુ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝમાં આઈટીની સુવિધા વધારાશે

અમદાવાદ, તા. ૨

ગુજરાતભરમાં આવેલા અંદાજે અઢી લાખ જેટલી સ્મોલ ઈન્ડસ્ટ્રીઝમાં ઈન્ફર્મેશન ટેકનોલોજી (આઈટી)ની સુવિધા વધે તે માટે વિદ્યાર્થીઓને પ્રોજેકટ સ્વરૂપે સોંપવામાં આવશે. જીટીયુ દ્વારા આજે યોજાયેલી બેઠકમાં સ્મોલ ઈન્ડસ્ટ્રીઝના એસોસીએશન અને કોલેજના આચાર્યો સાથે ગંભીર ચર્ચા થઈ હતી. ગુજરાતભરમાં આવેલી અંદાજે અઢી લાખ જેટલા લઘુ ઉદ્યોગો પાસે આઈ.ટી.નું જ્ઞાન ઓછુ છે જેના કારણે સુવિધાનો અભાવ છે. આ સુવિધા વધે તે માટે જીટીયુ દ્વારા પહેલ કરવામાં આવી છે. આ અંગે જીટીયુના સૂત્રો કહે છે કે આ માટે ઈન્ડસ્ટ્રીઝે વાર્ષિક કેટલીક રકમ ચૂકવવી પડશે. જીટીયુ ડિગ્રી એન્જિ.ના ૭ અને ૮ સેમેસ્ટર, ડિપ્લોમા અને એમસીએના ૫ અને ૬ સેમેસ્ટરના ૧૫ હજારથી વધુ વિદ્યાર્થીઓને કામગીરીમાં સામેલ કરાશે. આ વિદ્યાર્થીઓ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝમાં જઈ તેમની ઈન્ફર્મેશન ટેકનોલોજીના વિકાસની કામગીરી હાથ ધરશે. પ્રાથમિક તબક્કામાં ૧૦૦૦ ઈન્ડસ્ટ્રીઝમાં ૪ હજાર વિદ્યાર્થીઓ કામગીરી કરશે. આ સુવિધાથી સ્મોલ ઈન્ડસ્ટ્રીઝનું એકાઉન્ટ, લોનની સુવિધા અને કસ્ટમર કેર સહિતની વ્યવસ્થા સરળતાથી થઈ શકશે. એકંદરે ઈન્ડસ્ટ્રીઝ અને વિદ્યાર્થીઓને પણ ફાયદો થશે.

## ગુજરાતની ખુશ્બુને માણવા પ્રવાસીઓને આકર્ષવાનો પ્રયાસ

# ગુજરાતના મહોત્સવોની યાદીમાં હવે સાપુતારા મૉનસૂન ફૅસ્ટીવલ અને તરણેતરનો મેળો

ગાંધીનગર, તા. ૨

'ખુશ્બૂ ગુજરાત કી' વિશ્વભરમાં ફેલાઈ રહી છે. તેને પગલે દેશના પ્રવાસન ઉદ્યોગના માર્કેટમાં ગુજરાત પોતાનું સ્થાન જમાવી રહ્યું છે અને ટોચના પ્રવાસન સ્થળ તરીકે ઉભરી રહ્યું છે. ગુજરાતના ભવ્ય પ્રવાસન વૈવિધ્યને માણવાનું દેશ અને દુનિયાના પ્રવાસીઓ પસંદ કરી રહ્યા છે જેના કારણે રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યા વધતી જઈ રહી છે. ૨૦૦૯-૧૦માં ૧.૭૦ કરોડ પ્રવાસીઓ ગુજરાત આવ્યા હતા, જે સંખ્યા ૨૦૧૧-૧૨માં વધીને ૨.૨૩ કરોડે પહોંચી છે. ગુજરાતના પ્રવાસન વિભાગે આ પ્રક્રિયાને વધુ વેગ આપવા માટે સમગ્ર વર્ષ દરમિયાન અનેક આયોજનો કર્યાં છે, જેમાં સાપુતારા મોન્સૂન ફેસ્ટ, તરણેતર મેળો, નવરાત્રિ મહોત્સવ અને રણોત્સવ વગેરેનો સમાવેશ થાય છે. રાજ્યમાં આવતા પ્રવાસીઓની સંખ્યા વધારવા માટે તે મહત્વની પ્રોત્સાહક બની રહેશે.

ચોમાસા દરમિયાન ૪ ઓગસ્ટ થી ૧લી સપ્ટેમ્બર એક મહિનો ચાલનારા સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ દરમિયાન પ્રવાસીઓને માટે અનેક આકર્ષણો અને અનેકવિધ પ્રવૃત્તિઓ હશે. વોટર સ્પોર્ટ્સ, સાહસિક પ્રવૃત્તિઓ, લેસર શો, ફોટોગ્રાફી પ્રદર્શન, હેરિટેજ વોક, સાંસ્કૃતિક સંધ્યા, ફૂડ ફેસ્ટિવલ, વિવિધ સ્પર્ધાઓ વગેરેનાં પણ આયોજનો આ ફેસ્ટિવલમાં કરાશે. ગુજરાતનું વધુ એક નજરાણું એટલે તરણેતરનો મેળો. આ મેળો ગુજરાતનો અત્યંત જાણીતો લોક સંસ્કૃતિનો મેળો છે. સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના પાંચાળ પ્રદેશ તરીકે ઓળખાતા સિરામિકનગર થાનગઢ નજીક તરણેતર નામથી ઓળખાતા ત્રિનેત્રેશ્વરના શિવ મંદિરના સાનિધ્યમાં તે યોજાય છે.

# સૅકટર-૨ પૅન્શનર્સ સમાજ તેજસ્વી તારલાને સન્માનશે

## ૨૭મી જુલાઈના રોજ આ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે

ગાંધીનગર તા. ૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ સેકટર-૨માં નિવાસ કરતા પેન્શનર મિત્રોની બેઠક મળી હતી. જેમાં પેન્શનરના પૌત્ર કે પૌત્રીઓ કે જેઓએ ૨૦૧૧-૧૨માં ૭૫ ટકાથી વધારે ગુણ મેળવી પરીક્ષા પસાર કરી હોય તેઓનું તા. ૨૭મી જુલાઈના રોજ બપોરે પછી સરકારી દવાખાના સામેના બગીચામાં સન્માન કરાશે. આથી પેન્શનર્સ મિત્રોએ તેમનું નામ,સરનામુ, ટેલીફોન નંબર તથા સભ્ય ક્રમાંક સાથે માર્કશીટ નિરંજન ઓઝા ૨૩૨૫૭૧૩૫, ડી.પી. સંઘાણી ૨૩૨૩૧૫૧૮, મંગળભાઈ ચૌહાણ ૬૫૭૨૪૧૯૯, અમીધર જરદોસ-૯૯૦૪૧૫૭૧૩૫ ને તા. ૧૦ જુલાઈ સુધીમાં માર્કશીટ પહોંચતી કરવી. સન્માન પાત્ર વિદ્યાર્થીઓએ હાજર રહેવું ફરજિયાત રહેશે.

## બીસીએ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ : ૭૧ બેઠકો ખાલી

અમદાવાદ, તા. ૨

ગુજરાત યુનિવર્સિટી દ્વારા બીબીએ અને બીસીએમાં પ્રવેશ માટે કાઉન્સીલીંગની પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં આજે બીસીએનું કાઉન્સિલીંગ પૂરૂં થયા બાદ ૭૧ બેઠકો ખાલી રહી છે. જ્યારે આવતીકાલથી બીબીએની ૨૩૨૫ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા બીબીએ અને બીસીએમાં કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિથી પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાય છે. જેમાં તા. ૨૯મી જૂનથી ૨ જુલાઈ દરમિયાન બીસીએની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. બીસીએની ૧૩ કોલેજોમાં ૧૫૦૦ બેઠકો માટે ૪૩૦૦ વિદ્યાર્થીઓએ અરજી કરી હતી.

# સ્વામી વિવેકાનંદને સ્વરાંજલિ અર્પણ કરાશે

## ચૉથીએ સુંદરી હૉલ ખાતે સ્વામી વિવેકાનંદના જીવનકવન પર આધારિત સંગીતનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨


રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર દ્વારા શ્રી સ્વામી વિવેકાનંદ સાર્ધ શતાબ્દી ઉજવણી નિમિત્તે સ્વરાંજલિ અર્પિત (સપનાનું ભારત જાગે) સુગમ સંગીતનો કાર્યક્રમ તા. ૪-૭-૨૦૧૨ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે જયશંકર સુંદરી હોલ, અમદાવાદ ખાતે યોજાનાર છે. આ પ્રસંગે સ્વામી વિવેકાનંદ જીવનકવન આધારિત સંગીતકૃતિઓ સંગીતજ્ઞ દીપ્તિ દેસાઈ, અંકિત ડાભી, વિશ્રુતિ વ્યાસ અને અન્ય કલાકાર દ્વારા સુગમ સંગીત સ્વરાંજલિ રૂપે અર્પિત કરાશે. કાર્યક્રમનું સંગીત સંચાલન અમીત ઠક્કર કરશે.

# ગુરુજી ઐસા ચાહિયે જેસો પૂનમચંદ, તેજ દિયે, તપે નહિ, ઉપજાવે આનંદ

## આધ્યાત્મિક ક્ષેત્રે શાસ્ત્રોક્ત ભક્તિ બતાવી શિષ્યને સાચું આત્મજ્ઞાન કરાવી આત્મા-પરમાત્માની સાચી ઓળખ કરાવી આપે તેનું નામ ગુરુ

સૂર્ય વગર પ્રકાશ નથી, વરસાદ વગર પાણી નથી, વૃક્ષો વગર પ્રાણવાયુ નથી, પ્રાણ વગર શરીર નથી, શરીર વગર માણસ નથી, માણસ વગર જીવન નથી, જીવન વગર જ્ઞાન નથી અને ગુરુ વગર જ્ઞાન નથી. નવજાત શિશુ માટે માતા ગુરુ સમાન છે, કિશોર માટે પિતા ગુરુ છે, વિદ્યાર્થી માટે શિક્ષક ગુરુ છે. ભવસાગર પાર કરવા આત્મજ્ઞાન માટે, મુમુક્ષુ માટે 'ગુરુ' જ ગુરુ છે. આજે ગુરુપૂર્ણિમા છે માટે ગુરુ વિશે થોડુંક જ્ઞાન મેળવીએ.

ગુરુ એટલે શું ? ગુરુ શબ્દના અનેક અર્થ છે, જેમકે - મોટું, ભારે, દીર્ઘ, શિક્ષક, આચાર્ય, ગૉર, ગુરુ નામનો આકાશી ગ્રહ, બૃહસ્પતિ, ગુરુવાર, સક્ષમ, અક્કલ-આવડત કે શક્તિવાળો માણસ, પ્રખર વિદ્વાન વગેરે અર્થ થાય છે. ગુરુપૂર્ણિમાના સંદર્ભમાં આધ્યાત્મિક ક્ષેત્રે શાસ્ત્રોક્ત ભક્તિ બતાવી શિષ્યને સાચું આત્મજ્ઞાન કરાવી આત્મા-પરમાત્માની સાચી ઓળખ કરાવી આપે તેનું નામ ગુરુ.



આ અર્થમાં ગુરુને ગોવિંદથીય ચડિયાતા બતાવ્યા છે,

*ગુરુ ગોવિંદ દોઉ ખડે, કાકો લાગે પાય ? બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દીયો બતાય.*

ગુરુ પરંપરા વેદકાળથી ચાલી આવી છે. શ્રી રામચંદ્રજીના ગુરુ વશિષ્ઠ અને વિશ્વામિત્ર હતા. શ્રીકૃષ્ણ ભગવાનના ગુરુ સાંદિપની ઋષિ હતા. દત્તાત્રેય ભગવાને તો પ્રકૃતિમાંથી ચોવીસ ગુરુ પસંદ કર્યા હતા. શંકરાચાર્યના ગુરુ ગોવિંદાચાર્ય હતા. પાંડવોના ગુરુ દ્રોણાચાર્ય હતા. કર્ણના ગુરુ પરશુરામ હતા. કબીરજીના ગુરુ રામાનંદ હતા. સ્વામી વિવેકાનંદના ગુરુ રામકૃષ્ણ પરમહંસ હતા. જૈન ધર્મના નવકાર મંત્રમાં નમો આયરિયાણામ્ અને નમો ઉવઝાયાણામ્‌થી આચાર્યની ગરિમા સ્થાપિત કરી છે તો શીખ ધર્મ ગુરુ નાનક સાહેબથી શરૂ કરી જીવનમાં ગુરુ જ શ્રેષ્ઠ છે એવી સૌથી ઉચ્ચ વિચારધારા દ્વારા 'ગુરુ ગ્રંથ સાહેબ'માં

## પ્રસંગસર

- પી એમ પરમાર 'દર્શન'

જ ઈશ્વરનાં દર્શન થઈ શકે છે એવી જગતની પરાકાષ્ટારૂપ અને સંસ્કાર દ્વારા ભારતીય સંસ્કૃતિને મૂળ સ્વરૂપે સ્થાપિત કરી જગતને ગુરુજ્ઞાન આપ્યું છે. આ તમામ ગુરુને ગુરુપૂર્ણિમાના દિવસે પ્રણામ કરી ધન્યતાનો અનુભવ કરીએ. સાચું જ કહ્યું છે કે,

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ, ગુરુર્દેવો મહેશ્વર, ગુરુઃ સાક્ષાત્પરં બ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુવે નમઃ।

ગુરુ મહિમાનું વર્ણન કરતાં રમણ મહર્ષિએ કહ્યું કે ઈશ્વર દર્શન માટે ગુરુકૃપા જોઈએ અને ગુરુકૃપા માટે ઈશ્વરકૃપા જોઈએ. ચાણક્ય નીતિમાં ચાણક્ય કહે છે : એક અક્ષરનો પણ જો ગુરુએ બોધ આપ્યો હોય તો પૃથ્વી ઉપર એવું કોઈ દ્રવ્ય નથી જે આપીને ગુરુઋણમાંથી મુક્ત થઈ શકાય. શંકરાચાર્યજીએ કહ્યું કે, ગુરોસ્તુ મૌનમ વ્યાખ્યાનમ્ અર્થાત્ સાચા ગુરુનું તો મૌન પણ એક વ્યાખ્યાન છે. ગુરુ નાનકજીએ કહ્યું છે કે, ગુરુ મુખે જ્ઞાન પમાય. જો ગુરુ વચન સાંભળશો તો આત્માની દાબડીમાં પુરાયેલાં રત્નો તમને હાથ લાગી જશે. ઋગ્વેદમાં કહ્યું છે કે , ગુરુ અને જ્ઞાન અગ્નિ જેવું છે. એ શિષ્યના હૃદયમાં સૂતેલું છે અને તે ગુરુએ જ જગાડવાનું છે. મહાભારતમાં કહ્યું છે કે, ગુરુશુશ્રયા જ્ઞાનં શાન્તિ યોગેન વિન્દતિ - એટલે કે ગુરુની સેવા કરવાથી જ્ઞાન અને યોગ કરવા જેવી શાંતિ મળે છે. કબીરજીએ કહ્યું છે,

*ગુરુજી ઐસા ચાહિયે જેસો પૂનમચંદ, તેજ દિયે, તપે નહિ, ઉપજાવે આનંદ.*

ઉપર જે કંઈ ગુરુ મહિમાનું વર્ણન થયું છે તે સાચા સદ્‌ગુરુ માટે છે પણ સાવધાન ! દંભી, સ્વાર્થી, અંધશ્રદ્ધાળુ, અજ્ઞાની, ઢોંગી, કામી, લંપટ, ચમત્કારો દેખાડનારા, ગરજ મતલબી, દૂધ અને દહીંમાં પગ રાખનારા, આળસુ, ધનના લાલચી, લોભી, વરલી મટકાના આંકડા કાઢી આપનારા, એકના ડબલ કરી આપનારા, નશીલા પદાર્થોના બંધાણી, સ્ત્રીઓને ભોળવી પગચંપી કરનારા, ઘેર ઉતારો કરી છેતરપિંડી કરી લૂંટ ચલાવનારા, મારાથી બીજો કોઈ ચડિયાતો નથી એવી બડાઈ હાંકનારા, રાવણની જેમ ભગવાં વસ્ત્રો લજાવનારા, દાઢીધારી પાખંડી



ધૂતારા, નજરબંધી કરનારા, તાંત્રિક વિદ્યાના નામે કપોળકલ્પિત સુખ આપવાનું કહેનારા, જેની પાસે જ્ઞાન જ નથી એવા અસંખ્ય બનાવટી ગુરુઓનો આ કળિયુગમાં રાફડો ફાટી નીકળ્યો છે. એવા ગુરુઓથી ચેતી જજો. ચેતતા નર સદા સુખી. કોઈએ સાચું જ કહ્યું છે કે,

*પોતે હરિને જાણે ન લેશ અને કાઢી બેઠો ગુરુનો વેશ, જેમ સાપને ઘેર પરોણો સાપ, મુખ સાચી વળ્યા ઘર આપ*

એવા ગુરુ શું કામના ? શ્રીમદ્ ભગવદ્ ગીતામાં બીજા અધ્યાયના સાતમા શ્લોકમાં અર્જુન 'હું આપનો શિષ્ય છું' એમ કહીને શ્રીકૃષ્ણને ગુરુપદે સ્થાપે છે. પછી છેલ્લે કહે છે, 'નષ્ટો મોહ... કરિષ્યે વચનં તવ - એવા જગદ્‌ગુરુને નમસ્કાર.'

*વસુદેવ સુતં દેવં કંસચાણૂરમર્દનમ્, દેવકીપરમાનંદમ્ કૃષ્ણં વંદે જગદ્‌ગુરુમ્.*